सत्यं शिवं सुन्दरम्
Estd. 1949
Accredited Grade 'A' by NAAC

**THE MAHARAJA SAYAJIRAO UNIVERSITY OF BARODA**

Head Office, Maharaja Fatehsinghrao Gaekwad Marg, Fatehgunj, Vadodara-390 002, Gujarat, INDIA
Website: www.msubaroda.ac.in Email: registrar@msubaroda.ac.in Ph. +91-265-2795521

MSU/R/COVID-19/2020/NV Date 19.04.2020

**Circular**

**Subject:** Regarding Functioning of Offices from 20-4-2020 (For Non Vacation Staff)
**Reference:** Circular of Education Department of Government of Gujarat vide Letter No. કરન-૧૨૨૦૨૦-૧૭૦૪૨૦૨૦૨/ખ-૨ dated 19.4.2020.
Circular of Education Department of Government of Gujarat vide Letter No. કરન-૧૨૨૦૨૦-૧૭૦૪૨૦૨૦૨/ખ-૨ dated 17.4.2020.

It is notified for the information and necessary action of all concerned that in the context of the prevailing CORONA VIRUS (COVID-19) GLOBAL EPIDEMIC declared by the World Health Organization (WHO) and consequently the LOCKDOWN declared by the Government vide various notifications, The Maharaja Sayajirao University of Baroda observed the LOCKDOWN from 25.3.2020. The Education Department, Government of Gujarat vide its above mentioned reference letters have notified the directives regarding the functioning of offices from 20-4-2020 as follows:

During the phase of 2nd lockdown declared till 3-5-2020, all the concerned offices shall start functioning from 20-4-2020 with the limited number of employees maintaining the Social Distance, Sanitization, Hygiene, Etc.

Non Vacation Staff members residing in those Hotspot Areas / Containment Zones declared by Health & Family Welfare Department where COVID-19 cases have emerged may be exempted from attending the offices till the area is under the Containment Zones.

Institutes/Offices located in those HOTSPOT AREAS / CONTAINMENT ZONES declared by Health & Family Welfare Department where COVID-19 cases have emerged, may refrain from calling staff for attending the offices till the area is under the Containment Zones.

Class 1 & Class 2 Officials (i.e University / Section Officers and Officials of that Cadre), may attend the Office according to the requirement of the Office/Work as appropriately decided by the Head of the Office. Up to 33% of Class 3 and Support Staff below Class 3 may attend the Office on rotation basis as required or decided by the Head of the Office and roster may be maintained if possibly and required by the Office.

Offices shall have to follow the SOCIAL DISTANCING guidelines and Standard Operating Procedure (SOP) attached herewith. The Entry at Offices shall be Strictly Prohibited for Visitors other than very essential.

Other Staff members shall WORK FROM HOME and shall be available on mobile phones and email and in essential circumstances or when informed, they shall have to attend the office and work.

All concerned are advised to keep themselves updated regarding the prevailing crises and follow the advisory of the Government. Further directives will be communicated as and when received by this office.

WEAR MASK, WASH HANDS, MAINTAIN SOCIAL DISTANCE, STAY SAFE

(-S/d-)

Registrar (Offg.)

Enclosure: Circulars of Education Department, Government of Gujarat.

To:
1. The Deans of the Faculties: For information and necessary action
2. Principals of the Colleges: For information and necessary action
3. Head of Institutions: For information and necessary action
4. All Section Heads of the University Office: For information and necessary action

Copy to:
1. P.S. to Vice-Chancellor / P.S. to Registrar: For information
2. Director, Computer Centre: For uploading on University Website.

<u>અગત્યનું</u>

ક્રમાંકઃ કરન-૧૨૨૦૨૦-૧૭૦૪૨૦૨૦/ખ-૨
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૯/૦૪/૨૦૨૦

પ્રતિ,

(૧) નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ, ગાંધીનગર.

(૨) નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણ, ગાંધીનગર.

(3) નિયામકશ્રી એન.સી.સી., અમદાવાદ.

(૪) તમામ સરકારી અને ખાનગી યુનિવર્સિટીઓ (નોન વેકેશન સ્ટાફ)

<u>વિષયઃ</u> – નોવેલ કોરોના વાઇરસ (Covid-19)ના સંક્રમણને નિયંત્રણમાં લાવવા લેવાના થતાં નિવારાત્મક પગલાંઓ બાબત.

શ્રીમાન,

ઉપયુર્કત વિષય પરત્વે શિક્ષણ વિભાગના તા.૧૭.૦૪.૨૦૨૦ના સરખા ક્રમાંકના પત્ર અન્વયે સામાન્ય વહીવટ વિભાગના તા.૧૬.૦૪.૨૦૨૦ના પરિપત્ર ક્રમાંકઃ પરચ-૧૦૨૦૨૦-૫૦૧-ટની નકલ મોકલીને તેની સૂચનાઓનું પાલન કરવા જણાવવામાં આવ્યું હતું.

૨. વધુમાં આ બાબતે સામાન્ય વહીવટ વિભાગના તા.૧૮.૦૪.૨૦૨૦ના પત્ર ક્રમાંકઃ પરચ-૧૦૨૦૨૦-૫૦૧-ટ (*નકલ સામેલ છે*)થી જણાવેલ છે કે નોવેલ કોરોના વાઇરસ (Covid-19)નું સંક્રમણ જે વિસ્તારોમાં વ્યાપક થયું છે તેવા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા નક્કી થયેલ Hotpots/Containment zonesના વિસ્તારોમાં રહેતા કર્મચારી/અધિકારીઓને કચેરીમાં હાજરી આપવામાંથી બાકાત રાખવાના રહેશે/બોલાવવાના રહેશે નહિ.

વધુમાં આવા વિસ્તારોમાં સમાવેશ થતી શૈક્ષણિક સંસ્થાઓમાં પણ કર્મચારીઓ/અધિકારીઓને બોલાવવાના રહેશે નહી. આ સૂચનાઓ જયાં સુધી લાગતા વળગતા વિસ્તારમાં Containment zones હોય ત્યાં સુધી લાગુ પડશે. આ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

આપનો વિશ્વાસુ

(પકેશ ઠાકોર )
ઉપસચિવ
શિક્ષણ વિભાગ

<u>બિડાણઃ</u> ઉપર મુજબ

<u>નકલ રવાનાઃ-</u>

તમામ સરકારી અને ખાનગી યુનિવર્સિટીઓને સંલગ્ન તમામ કોલેજો-(નોન વેકેશન સ્ટાફ) (સરકારી/ બિનસરકારી અનુદાનિત/ખાનગી) નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી અને નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરી મારફત.

ક્રમાંકઃ કરન-૧૨૨૦૨૦-૧૭૦૪૨૦૨૦/ખ-૨
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૭/૦૪/૨૦૨૦

પ્રતિ,

(૧) નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ, ગાંધીનગર.
(૨) નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણ, ગાંધીનગર.
(૩) નિયામકશ્રી એન.સી.સી., અમદાવાદ.
(૪) તમામ સરકારી અને ખાનગી યુનિવર્સિટીઓ (નોન વેકેશન સ્ટાફ)

વિષયઃ – નોવેલ કોરોના વાઇરસ (Covid-19)ના સંક્રમણને નિયંત્રણમાં લાવવા લેવાના થતાં નિવારાત્મક પગલાંઓ બાબત.

શ્રીમાન,

ઉપયુકત વિષય પરત્વે જણાવવાનું કે તાજેતરમાં નોવેલ કોરોના વાઇરસ (Covid-19) ના સંક્રમણને નિયંત્રણમાં લાવવા લેવાના થતાં નિવારાત્મક પગલાંઓ બાબતે સામાન્ય વહીવટ વિભાગના તા.૧૬.૦૪.૨૦૨૦ના પરિપત્ર ક્રમાંકઃ પરચ-૧૦૨૦૨૦-૫૦૧-ટ થી સૂચનાઓ પરિપત્રિત કરેલ છે (નકલ સામેલ છે); જે અન્વયે નીચે મુજબની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવા આથી જણાવવામાં આવે છે.

(૧) નોવેલ કોરોના વાઇરસ (Covid-19) નું સંક્રમણ જે વિસ્તારોમાં વ્યાપક થયું છે તેવા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા નક્કી થયેલ Hotpots/ Containment zones ના વિસ્તારોમાં આવેલી કચેરીઓને સદરહુ સુચનાઓ લાગુ પડશે નહિ.

(૨) રાજય સરકાર દ્વારા નોવેલ કોરોના વાઇરસ (Covid-19) ના સંક્રમણને નિયંત્રણમાં રાખી શકાય તે હેતુથી જાહેર હિતમાં તા.૨૦.૦૪.૨૦૨૦ થી તા.૦૩.૦૫.૨૦૨૦ સુધી કચેરીઓ સિમિત સ્ટાફ સાથે સામાજિક અંતર (Social Distances) જાળવીને ચાલુ રાખવાની રહેશે. વર્ગ-૧ અને વર્ગ-૨ના અધિકારીઓના સંબંધમાં કચેરી/કામની જરૂરિયાતને ધ્યાને રાખી ખાતાના વડા/કચેરીના વડા નક્કી કરે તે મુજબ તેઓએ ઉપસ્થિત રહેવાનું રહેશે. વર્ગ-૩ અને તેથી નીચેના કર્મચારીઓ સંબંધમાં ૩૩% સુધીના કર્મચારીઓ ઉપસ્થિત રહે તે મુજબ વિચારણા કરવાની રહેશે. આ માટે દરેક કચેરીએ જરૂર જણાય તો રોસ્ટર રજીસ્ટર નિભાવવાનું રહેશે. અન્ય અધિકારી/કર્મચારીઓએ ઘરેથી કાર્ય (Work from Home ) કરવાનું રહેશે તેમજ મોબાઇલ ફોન અને ઇ-મેઇલ પર ઉપલબ્ધ રહેવાનું રહેશે. જો કે જાહેર સેવાઓના વિતરણ સંબંધમાં કોઇ અડચણ ન આવે તે રીતે જરૂરી તમામ સ્ટાફે ઉપસ્થિત રહેવાનું

રહેશે. કચેરીમાં કર્મચારીઓ/અધિકારીઓની હાજરીના સંબંધમાં દરેક કામના સ્થળે સામાજિક અંતર (Social Distances) જળવાઇ તે જોવાનું રહેશે.

(૪) અત્યંત આવશ્યક ન હોય તે સિવાય મુલાકાતીઓના પ્રવેશ પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે.

૨. વધુમાં સા.વ.વિના તા.૧૬.૦૪.૨૦૨૦ના પરિપત્રની સાથે કચેરીઓ/ કામના સ્થળો તથા અન્ય મહેકમોમાં સામાજિક અંતર રાખવા માટેની ધોરણોસરની કાર્યપધ્ધતિ સામેલ કરીને આ સાથે મોકલેલ છે. તે મુજબ દરેક કચેરીએ ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

આપનો વિશ્વાસુ

(રોનક મહેતા)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

બિડાણઃ ઉપર મુજબ

નકલ રવાનાઃ-

તમામ સરકારી અને ખાનગી યુનિવર્સિટીઓને સંલગ્ન તમામ કોલેજો-(નોન વેકેશન સ્ટાફ) (સરકારી/ બિનસરકારી અનુદાનિત /ખાનગી) નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી અને નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરી મારફત.

# જોડાણ

## કચેરીઓ, કામના સ્થળોએ સામાજિક અંતર રાખવા માટેની ધોરણોસરની કાર્યપધ્ધતિ :
## (Standard Operating Procedure)

દરેક કચેરીએ નીચેના પગલાં મુજબ અમલવારી કરવાની રહેશે :

૧. કચેરીના હદ વિસ્તારમાં નીચેના સહિત તમામ વિસ્તારોને, શરીરને હાનિકારક ન હોય તેવા, ચેપરહિત બનાવે તેવા માધ્યમો વડે ચેપરહિત બનાવવાના રહેશે. આ કામગીરીમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા / સત્તા મંડળની મદદ લઈ શકાશે.

ક. કચેરીનો પ્રવેશદ્વાર.
ખ. કાફેટેરિયા અને કેન્ટિન (ઉપાહાર ગૃહ)
ગ. બેઠકખંડ, પરિષદ ખંડો / ઉપલબ્ધ ખુલ્લો વિસ્તાર / વરંડા / સ્થળનું પ્રવેશદ્વાર, બંકરો (ભોંયરા),કેબિનો, મકાનો વગેરે.
ઘ. સાધન–સામગ્રી અને લિફ્ટ
ચ. શૌચાલય, વોશરૂમ, સિન્ક, પાણીના પોઈન્ટ્સ (નળ) વગેરે.
છ. દિવાલો/અન્ય તમામ સપાટીઓ.

૨. દરેક કચેરીના બધાં કર્મચારીઓએ કામના સ્થળે ફરજિયાતપણે માસ્ક / Face cover પહેરવાનું રહેશે.

૩. વિસ્તારમાં પ્રવેશતાં તમામ વાહનો અને યંત્રસામગ્રીને સ્પ્રે કરીને ચેપ રહિત બનાવવામાં આવશે.

૪. કામના સ્થળે પ્રવેશતાં અને ત્યાંથી વિદાય લેતાં દરેક વ્યકિતનું ફરજિયાત થર્મલ સ્કેનિંગ કરવાનું રહેશે.

૫. પ્રવેશ તથા નિર્ગમન (બહાર જવા)ના તમામ સ્થળોએ અને સહિયારા ઉપયોગના વિસ્તારને, હાથ ધોવાની અને સેનેટાઈઝરની વ્યવસ્થા – સ્પર્શરહિત હોય તો વધુ સારુ – કરવાની રહેશે.

૬. ૫ અથવા વધુ વ્યકિતઓ એક સ્થળે ભેગા ન થાય અથવા બેઠક ન કરે તે જોવાનું રહેશે. કામના સ્થળોએ અને બેઠકો તથા એકઠા થવાના સ્થળે અને તાલીમ સત્રોમાં બેઠકો વચ્ચે ઓછામાં ઓછા ૬ ફૂટનું અંતર રાખવાનું રહેશે.

૭. લિફ્ટ્સ અથવા હોઇટ્સમાં (lifts or hoists)૨/૪ વ્યકિતઓ કરતા વધુ વ્યકિતઓ (કદના આધારે)ને મુસાફરી કરવા દેવાશે નહિ.

૮. ચઢવા–ઉતરવા માટે દાદરના ઉપયોગને પ્રોત્સાહન આપવું.

૯. ગુટકા, તમાકુ, વગેરે પર સખ્ત પ્રતિબંધ મુકવો અને થૂંકવાની કડક મનાઈ ફરમાવવી.

૧૦. આસપાસના વિસ્તારમાં કોવિડ–૧૯ના દર્દીઓની સારવાર માટે અધિકૃત કરવામાં આવી હોય તેવી હોસ્પિટલો/ દવાખાનાની પરખ કરવી અને કામનાં સ્થળે તેમની યાદી હંમેશા ઉપલબ્ધ બનાવવી.